# BUSINESS મિત્ર

# સેબીની રાહતે બજારમાં પ્રાણ ફૂંક્યા: સેન્સેક્સ 73,000 ઉપર

**CAS અંગેના પોઝિટિવ સંકેત અને ગ્લોબલ સપોર્ટથી રોકાણકારોની સંપત્તિમાં ₹3 લાખ કરોડનો ઉછાળો**

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 6:** ભારતીય શેરબજારમાં ક્લોઝિંગ ઓપ્શન સેશન અંગે સેબીએ સૂચનો મંગાવ્યા હતા, તે સૂચનોનો સ્વીકાર થઇ રહ્યો છે અને સેબી એક વર્ષ માટે સીએએસને બંધ કરી દેશે તેવા અહેવાલોથી બજારે રાહતનો દમ લીધો હતો, જેની બજારમાં પોઝિટિવ અસર થઇ હતી અને આજે સતત બીજા દિવસે અને નિફ્ટી વીકલી એક્સપાયરી વચ્ચે તેજીનો માહોલ જોવા મળ્યો હતો. આજે નિફ્ટીએ 22750 પોઇન્ટની સપાટી કુદાવી દીધી હતી, જ્યારે સેન્સેક્સ 73000 પોઇન્ટને પાર નીકળી ગયો હતો.

રોઇટરના અહેવાલ અનુસાર સેબી સીએએસના બદલે ટ્રેડિંગની છેલ્લી 30 મીનીટની વોલ્યુમ વેઇટેડ એવરેજ કિંમતનો ઉપયોગ ડેરિવેટિવ્ઝ પ્રાઇસીંગ નક્કી કરવા માટે થશે. આ મહિનાના અંત સુધીમાં ફેરફારનો અમલ થાય તેવી સંભાવના છે.

જોકે, આજે વૈશ્વિક બજારો અને ખાસ કરીને એશિયન બજારોમાં સુધારાની ચાલ હતી, જેની પણ ભારતીય શેરબજાર પર અસર પડી હતી. આજે શરૂઆતથી જ શેરબજાર પોઝિટિવ ચાલ દર્શાવતું હતું. આજે રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડની કમાણી કરી છે.

સેક્ટર મુજબ જોઇએ તો પ્રાઇવેટ બેન્ક અને મેટલ તથા ફાર્મા સેક્ટરનો સૌથી મજબૂત ટેકો મળ્યો હતો. જેમાં દોઢ ટકાની તેજી જોવા મળી હતી. જ્યારે આઇટી શેરોમાં નરમાઇ જોવા મળી હતી. જ્યારે પીએસયુ બેન્ક અને રિયલ્ટી શેરો પણ નજીવા ઘટયા હતા.

બીએસઇ સેન્સેક્સ 685.34 પોઇન્ટ એટલે કે 0.95 ટકા વધીને 73067.81 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73067 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72384 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 220.35 પોઇન્ટ એટલે કે 0.98 ટકા વધીને 22750 પોઇન્ટની સપાટી કુદાવીને 22776.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22776 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22561 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 414.30 પોઇન્ટ એટલે કે 0.76 ટકા વધીને 55000 પોઇન્ટની સપાટી કુદાવીને 55128.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ત્રિવેણી ટર્બાઇનમાં 51.2 ગણા, યુનાઇટેડ સ્પીરીટસમાં 5.77 ગણા, વોલ્ટાસ લિ.માં 5.66 ગણા, બ્લુસ્ટાર લિ.માં 4.9 ગણા અને ભારતી હેક્ષાકોમમાં 3.98 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટ્રેન્ટ લિ.માં 6.38 ગણા, હોનાસા કન્ઝ્યુમરમાં 6.17 ગણા, જિન્દાલ સ્ટીલમાં 4.56 ગણા, પીજી ઇલેક્ટ્રોનિક્સમાં 4.26 ગણા અને અર્બન કંપનીમાં 3.89 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ આગળ વધતી જોવા મળી છે. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.23 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 1.38 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2827 શેરો વધ્યા હતા, જ્યારે 1550 શેરો ઘટયા હતા અને 246 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાર્મા ઇન્ડેક્સ 0.86 ટકા સુધર્યો હતો. જેમાં વોકહાર્ટ, લોરસ લેબ્સ, ડીવીસ લેબ્સ, ગ્લેન્ડ માર્ક, સાઇ લાઇફ સાયન્સીસ, પિરામલ ફાર્મા, અંજતા ફાર્મા, આલ્કેમ લેબ, ઝાયડસ લાઇફસાયન્સીસ અને સન ફાર્મા વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ સ્ટોક ફ્યુચર્સ ઉંચા ટ્રેડ કરી રહ્યા હોવાથી અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

## ક્રુડ ઓઇલ ઘટ્યું છતાં રૂપિયો નબળો

કરન્સી બજારમાં વૈશ્વિક ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો જોવાયો હતો અને 100 ડોલરની નીચે સરકી ગયો હોવા છતાં ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી. ડોલરની સામે રૂપિયો 12 પૈસા તૂટીને 96.42ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.30ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.33, પાઉન્ડ 128.56, કેનેડિયન ડોલર 67.42, ઓસ્ટ્રેલિયન ડોલર 67.49, જાપાનીઝ યેન 0.6097 અને સીંગાપોર ડોલર 75.32ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 96.42 રૂ. |
| યુરો | 108.19 રૂ. |
| પાઉન્ડ | 126.64 રૂ. |
| યેન | 0.6105 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 685.34 | 73067.81 |
| નિફ્ટી | 220.35 | 22776.10 |
| બેન્ક નિફ્ટી | 414.30 | 55128.40 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 12.64 | 2906.00 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 3.82 | 431.90 |
| એચયુએલ | 2.09 | 1895.20 |
| નેસલે ઇન્ડિયા | 3.42 | 1341.40 |
| જિયો ફાઇનાન્સીયલ | 2.78 | 217.90 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 3.16 | 411.65 |
| ટેક મહિન્દ્રા | 2.04 | 1504.50 |
| મેક્સ હેલ્થકેર | 1.58 | 902.50 |
| આઇટીસી | 0.82 | 266.70 |
| ઇન્ફોસીસ | 0.65 | 1013.85 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 12.78 | 2094.00 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 3.59 | 431.25 |
| એચયુએલ | 2.83 | 1892.10 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.77 | 1219.00 |
| ઇન્ટરગ્લોબ | 2.23 | 5045.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 2.30 | 1503.00 |
| ટાઇટન કંપની | 1.30 | 4540.00 |
| બજાજ ફાઇનાન્સ | 0.95 | 961.80 |
| આઇટીસી | 0.76 | 266.50 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.75 | 10796.85 |

**ગુજરાત સહિત 8 રાજ્યો અને દિલ્હીએ કેન્દ્ર પાસે વધારાની વીજળી માગી**

# ભારતમાં વીજળીની અછત 3 વર્ષની ટોચે

**હાઇડ્રો પાવરમાં 20%નો કડાકો અને બેટરી સ્ટોરેજની મર્યાદાથી રાત્રિના સમયે અછત; સપ્ટેમ્બરમાં પાવર શોર્ટેજ 560 મિલિયન kWh એ પહોંચી**

મુંબઇ, તા. 6: રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ અને અન્ય રાજ્યો વધારાની વીજળીની માંગ કરી રહ્યા છે, કારણ કે હાઇડ્રો પાવરનું ઓછું ઉત્પાદન, પાવર પ્લાન્ટમાં ખરાબી અને બેટરી સ્ટોરેજની મર્યાદિત ક્ષમતાને કારણે રાત્રિના સમયે વીજળીના પુરવઠા પર અસર પડી છે.

નબળા હાઇડ્રો પાવર ઉત્પાદન, પાવર પ્લાન્ટ બંધ રહેવા અને મર્યાદિત બેટરી સ્ટોરેજને કારણે ભારતમાં વીજળીની અછત છેલ્લા ૩ વર્ષની ટોચ પર પહોંચી છે, જેના પગલે આઠ રાજ્યો અને દિલ્હીએ વધારાના વીજ પુરવઠાની માંગ કરી છે.

કેન્દ્ર સરકારના બે અધિકારીઓએ જણાવ્યું હતું કે, નબળા જળવિદ્યુત ઉત્પાદન અને કેટલાક પ્લાન્ટ્સમાં જાળવણીના કામને કારણે રાત્રિ દરમિયાન વીજળીનો પુરવઠો ઘટ્યો છે; આથી વીજકાપ ટાળવા માટે ભારતના કેટલાક રાજ્યો કેન્દ્ર સરકાર પાસે વધારાના વીજળી ફાળવણીની માંગ કરી રહ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારતના અગ્રણી પુનઃપ્રાપ્ય ઊર્જા રાજ્યોમાં સામેલ રાજસ્થાન અને ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ અને કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હી જેવા રાજ્યોએ પણ વીજળીનો વધારાનો પુરવઠો મેળવવા માટે માંગ કરી છે.

કેન્દ્ર સરકાર સામાન્ય રીતે કોલસા અને જળ-વિદ્યુત પ્લાન્ટ્સમાંથી લગભગ 14 થી 15 ગીગાવોટ વીજળી મેળવી શકે છે, જેની ફાળવણી તે વીજળીની અછત સમયે રાજ્યોને કરી શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'અલ નીનો' (El Nio) ને કારણે વરસાદમાં થયેલા ઘટાડાને લીધે હાઇડ્રો પાવર ઉત્પાદન ઘટ્યું છે, જેનાથી પુનઃવિતરણ માટે ઉપલબ્ધ વીજળીનો પુરવઠો મર્યાદિત બન્યો છે. તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર સરકારે પંજાબને પહેલેથી જ વધારાની વીજળી ફાળવી છે, કારણ કે સપ્ટેમ્બર મહિનામાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં દિવસ દરમિયાન 14 કલાક સુધી વીજળી કાપનો સામનો કરવો પડ્યો હતો.

રિન્યુએબલ એનર્જી ક્ષમતામાં ઝડપી વિસ્તરણ છતાં, સૂર્યાસ્ત પછી વીજળીની માંગ પૂરી કરવામાં ભારતને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે; કારણ કે અપૂરતી બેટરી સ્ટોરેજ ક્ષમતાને લીધે દિવસ દરમિયાન ઉત્પન્ન થતી વધારાની સૌર ઊર્જાને સાંજ અને રાતના સમય માટે સંગ્રહિત કરીને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા મર્યાદિત બની જાય છે.

સપ્ટેમ્બરમાં ભારતની વીજળીની અછત વધીને 560 મિલિયન કિલોવોટ-અવર (kWh) થઇ ગઇ છે, જે ઓગસ્ટ 2023 પછીનું સર્વોચ્ચ સ્તર છે; આ સ્થિતિ ત્યારે સર્જાઇ છે જ્યારે વધતી માંગને પહોંચી વળવા માટે કોલસા આધારિત વીજ મથકોએ તેમનું ઉત્પાદન વધાર્યું હતું.

સરકારી આંકડા દર્શાવે છે કે સપ્ટેમ્બરમાં કોલસા આધારિત વીજ ઉત્પાદનમાં અગાઉના વર્ષની સરખામણીએ 13.3 ટકાનો વધારો થયો છે, જ્યારે જળ-વિદ્યુત ઉત્પાદનમાં 20 ટકાનો ઘટાડો નોંધાયો છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, સરકાર માટે રાજ્યોની માંગણીઓ પૂરી કરવી મુશ્કેલ બની રહી છે કારણ કે તેની મોટાભાગની ઉપલબ્ધ વીજળી પહેલેથી જ ફાળવી દેવામાં આવી છે; આનો અર્થ એ છે કે વધારાનો પુરવઠો પૂરો પાડવા માટે અન્ય રાજ્યો પાસેથી વીજળી પાછી ખેંચવી પડશે.

'ગ્રીડ ઇન્ડિયા'ના ડેટા અનુસાર, લગભગ 41 ગીગાવોટ (GW) ક્ષમતાના પાવર પ્લાન્ટ્સ હાલમાં બંધ (ઓફલાઇન) છે. આ ઉપરાંત, લગભગ 47% કોલસા-આધારિત પાવર પ્લાન્ટ્સમાં બળતણનો જથ્થો અત્યંત ઓછી સપાટીએ (ક્રિટિકલ લેવલ પર) પહોંચી ગયો છે; આ સ્થિતિનો અર્થ એ છે કે ત્યાં નિર્ધારિત કોલસાના જથ્થાના ચોથા ભાગ કરતાં પણ ઓછો સ્ટોક ઉપલબ્ધ છે.

# ચાંદી ઓલ-ટાઇમ હાઇથી 45% તૂટી

**2027માં ચાંદીના ભાવ ફરીથી ઉછળશે, તે સંદર્ભે નિષ્ણાતો અવઢવમાં**

નવી દિલ્હી, તા. 6: ચાંદીના ભાવ વિક્રમી સપાટીએથી આશરે 45 ટકા જેટલી તૂટી ગઇ છે. આ વર્ષે જાન્યુઆરીના અંતમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની કિંમત 120 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગઇ હતી, તે હવે ઘટીને 60-61 ડોલર પ્રતિ ઔંસ થિ ગયો છે. ભારતમાં એમસીએક્સ પર ચાંદી વાયદો રૂ. 4.28 લાખ પ્રતિ કિલોગ્રામનો ભાવ બોલાયો હતો, તે હાલમાં ઘટીને રૂ. 2.39થી 2.46 લાખ પ્રતિ કિલો બોલાઇ રહ્યો છે. ચાંદીના ભાવમાં 45 ટકાના ઘટાડા બાદ રીકવરી આવશે અને ફરીથી નવી વિક્રમી સપાટી રચશે, તે સંદર્ભે નિષ્ણાતો હજુય અવઢવમાં છે.

આવતા વર્ષે ચાંદીનો પુરવઠો માગ કરતા વધુ રહેવાની ધારણા છે. બ્રોકરેજ કંપનીઓનું માનવું છે કે, આ કારણે ચાંદીના ભાવ વિક્રમી સપાટીએ પહોંચવાના બદલે થોડાક રીકવર થતા જોવા મળશે. જોકે, છેલ્લા બે વર્ષમાં ચાંદીના ભાવમાં ભારે તોફાન જોવા મળ્યું હતું. 1લી જાન્યુઆરી, 2025ના રોજ આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની કિંમત 30 ડોલર પ્રતિ ઔંસ હતી. જાન્યુઆરી 2026માં ભાવ 121 ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચી ગયો હતો.

આ વર્ષે જુન સુધીમાં ચાંદીના ભાવ લગભગ 65 ટકા ઘટીને 57 ડોલર પ્રતિ ઔંસ થઇ ગયા હતા. હાલમાં 60થી 61 ડોલર બોલાઇ રહ્યા છે. બારતમાં પણ આ વર્ષે જાન્યુઆરીમાં ચાંદીના ભાવ રૂ. 4.20 લાખ બોલાયા હતા, તે ઘટીને 2.25 લાખ થઇ ગયા છે. ગત મહિને ચાંદી 8 ટકાથી વધુ ઘટી હતી.

# રિયલ એસ્ટેટમાં મંદી પણ ગુજરાતમાં રૂ. એક કરોડથી વધુના મકાનોનું વેચાણ વધ્યું

**ગુજરાતમાં 756 નવા પ્રોજેક્ટસ નોંધાયા, જે પાછળા બે વર્ષની સરખામણીએ મંદી દર્શાવે છે**

**અમદાવાદમાં 9 મહિનામાં 14,300 ઘરો વેચાયા; નવા પ્રોજેક્ટ્સમાં ભાવનગર રાજકોટથી આગળ નીકળ્યું, લક્ઝરી હાઉસીંગનો હિસ્સો વધીને 27% થયો**

અમદાવાદ, તા. 6: ઘરનું ઘર એક સપનું હોય છે, જે દરેકને સાકાર થઇ શકતું નથી. મીડલ ઇસ્ટના યુદ્ધની અસર રિયલ એસ્ટેટ સેક્ટર પર જોવા મળી છે અને બાંધકામ સામગ્રીના વધેલા ભાવની અસર હવે ગુજરાતમાં જોવા મળી રહી છે. એપ્રિલથી સપ્ટેમ્બર દરમ્યાન ગુજરેરામાં કુલ 756 નવા પ્રોજેક્ટસ નોંધાયા છે, જે પાછલા બે વર્ષની સરખામણીએ ઓછા છે.

ગુજરેરાના ડેટા અનુસાર નાણાકીય વર્ષ 2025-26માં રાજ્યમાં 1606 નવા પ્રોજેક્ટ હતા, જ્યારે 2024-25માં આ આંકડો 1818નો હતો. પ્રથમ છ મહિનાના આંકડા દર્શાવે છે કે ખર્ચમાં ફેરફાર અને ગ્રાહકોની પસંદગી બદલવાને કાણે ડેવલપર્સ નવા લોન્ચીંગ બાબતે વધુ સાવચેતી વર્તી રહ્યા છે.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં નવા રજિસ્ટ્રેશનમાં અમદાવાદ 217 પ્રોજેક્ટસ સાથે રાજયમાં મોખરે રહ્યું હતું. સુરત 180 પ્રોજેક્ટસ સાથે બીજા ક્રમે રહ્યું છે, બાદમાં વડોદરામાં 81 પ્રોજેક્ટસ, ગાંધીનગરમાં 71, ભાવનગરમાં 59 અને રાજકોટમાં 41 નવા પ્રોજેક્ટસ નોંધાયા છે. આમ, રાજકોટથી ભાવનગર આગળ નીકળી ગયું છે. આમ, નવા પ્રોજેક્ટસ સંદર્ભે ડેવલપર્સ સાવચેતી દાખવી રહ્યા છે.

રિપોર્ટમાં એવું પણ દર્શાવાયું છે કે, અમદાવાદના રેસિડેન્શીયલ માર્કેટમાં 14300 હાઉસીંગ યુનિટનું વેચાણ નોંધાયું છે, જે 2025ના સમાન ગાળામાં 14064 યુનિટસ કરતા 2 ટકા વધુ છે. આ વધારો 2018 પછીના પ્રથમ નવ મહિનાનું શહેરનું સર્વશ્રેષ્ઠ વેચાણ પ્રદર્શન દર્શાવે છે. જોકે, ગ્રાહકોની માગ પ્રીમિયમ અને વધુ કિંમતના ઘરો તરફ વળી રહી છે. એક કરોડથી વધુની કિંમતના ઘરોનું વેચાણ 16 ટકા વધીને 3885 યુનિટ થયું છે. જેનાથી તેનો હિસ્સો 24 ટકાથી વધીને 27 ટકા થઇ ગયો છે.

### સુડોકુ ૭૨૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | ૧ | ૨ | ૪ | ૩ | | ૯ | |
| ૮ | | ૫ | ૧ | ૯ | ૬ | | | ૨ |
| ૩ | | ૨ | | ૭ | | ૪ | ૧ | ૬ |
| ૭ | | ૯ | | | | ૫ | ૪ | |
| | | | ૫ | | | | | |
| ૧ | | ૩ | | ૮ | ૭ | | ૬ | ૯ |
| | ૧ | ૮ | ૬ | | ૪ | ૩ | | ૭ |
| | ૩ | | ૯ | ૧ | ૮ | | | |
| ૫ | ૬ | ૪ | | ૩ | ૨ | ૯ | | ૧ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### કૃમિમુદગર રસ

અતિ તીક્ષ્ણ દ્રવ્ય હોઇ નાજુક પ્રકૃતિવાળી વ્યક્તિને અપાતું નથી. સ્વપ્રયોગ ન કરવો. આશરે ચારસો મીલીગ્રામ (બે થી ચાર રતિની) માત્રામાં, નાગરમોથનાં ઉકાળા કે મધ સાથે સવાર સાંજ આપવું.

### શબ્દગુંફન - ૭૨૬૩

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૨. રોકડું (૩)
૪. લીન, ડૂબેલું (૩)
૬. દુનિયા (૩)
૭. વચલું (૩)
૮. કૃપા, રહેમ (૨)
૧૦. અંકુશ (૩)
૧૨. ગાયન (૨)
૧૩. શરીર (૨)
૧૪. આદર (૨)
૧૫. મેંદી (૨)
૧૬. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૮. માસીના પતિ (૨)
૧૯. ઠીક, સારું (૨)
૨૧. ભરાવદાર (૨)
૨૩. અવાજ, ઘોષ (૨)
૨૫. આનંદી, વિનોદી (૩)
૨૭. મીઠું (૩)
૨૯. મનની તંગ હાલત (૩)
૩૨. મૂળ ગામ કે દેશ (૩)
૩૪. જરૂરી જ ખર્ચ કરવું (૫)
૩૫. જનાવરના ખેલનો તમાશો (૪)

**ઊભી ચાવી**

૧. પંદર દિવસે નીકળતું (૫)
૨. અનુકરણ (૩)
૩. તેજ, ભપકો (૩)
૪. શોકાતુર (૪)
૫. શરીરની ઊંચાઇ (૨)
૯. પીડા, દુઃખ (૩)
૧૧. ગાનારો (૩)
૧૪. મારવું તે (૨)
૧૫. ગણતરી, દાખલો (૩)
૧૬. દેગ (૨)
૧૭. ઝડપ, ગતિ (૨)
૧૯. વગાડવું તે (૩)
૨૦. સેના (૨)
૨૨. મજબૂત (૩)
૨૪. ગરીબ (૨)
૨૫. રૂપાનું, ધોળાશ પડતું (૩)
૨૬. ફત્તેહ, વિજય (૨)
૨૮. પાણી ભરવાની કોથળી (૩)
૩૦. સુંવાળુ (૩)
૩૧. અધિકાર (૨)
૩૨. પતિ (૨)
૩૩. રગ, વલણ (૨)



## આજનું પંચાંગ

**તા. 07/10/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** વદ: બારસ: 23:17 રેટિયા બારસ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** આસો-15
**યોગ :** શુભ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** મઘા: 21:41
**રાશિ:** સિંહ (મ,ટ)
**દિવસ :** દ્વાદર્શી- બારસનું શ્રાધ્ધ, મઘા શ્રાધ્ધ-સંન્યાસીના મહાલય
**સુરતમાં સૂર્યોદય :** 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:20
**નવકારસી :** 07:20
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 24મો રોજ
**મુસલમાન વર્ષ :**1448 રબિઉલ આખર માસનો 25મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે: 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** બૌદ્ધિક કામમાં સફળતા મળે. નવા રોકાણ થાય. મિત્રો સાથે ગેરસમજ થાય. પ્રેમમાં સાથ મળે. આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઘરેલું કામમાં વ્યસ્ત રહેવાનું બને તેમજ મિલકત, વારસા, મકાન- જમીન વગેરે કામમાં અનુકુળતાથી પ્રગતિ થાય.

**મિથુન (ક,છ,ઘ,):** મિડીયા નેટવર્કિંગ અને શિક્ષણને લગતાં કામમાં વ્યસ્ત રહેવાનું બને. પરિવારીક પ્રશ્નો સતાવે. આર્થિક બાબતે ધીરજ રાખવી.

**કર્ક (ડ,હ,):** વાણી અને વહેવાર કુશળતાથી માર્કેટીંગને લગતા કામ પાર પડશે. વેપારમાં આવક વધે. બચત યોજના બને.

**સિંહ (મ,ટ,):** તમારા નિર્ણય આજે અનુકૂળ રહેવાથી આર્થિક બાબતે પ્રગતિ થાય. સમાજજીવનમાં સાવધાની રાખવી.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાગદોડ અને ખર્ચાળ દિવસ રહે. સરકારી કામમાં સાવધાન રહેવું. પ્રવાસમાં કોઇની વાતોમાં આવવું નહી.

**તુલા (ર,ત,):** મહત્ત્વના કામ પાર પડે. વિદ્યાર્થીઓને નવુ શિક્ષણ મળે. નવા રોકાણ થાય. પ્રેમમાં ઉત્સાહજનક પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરી અને ધંધામાં મહત્ત્વનાં કામમાં સફળતા મળે. આવક વધે. સમાજમાં માન વધે. શુભ સમાચાર.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રતિષ્ઠા વધે. ભાગ્યનો સાથ મળે. વેપાર-ધંધાના વિસ્તાર માટે પ્રગતિજનક દિવસ લાગણી પાર કાબૂ.

**મકર (ખ,જ,):** કામકાજમાં રૂકાવટ અને ધીમાપણાનો અનુભવ થાય. સરકારી કામમાં મદદ મળે. ગુપ્ત ભય સતાવશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ભાગીદારીનાં કામ થાય. પ્રેમ વિવાહની વાતમાં મદદ મળે. રોજના કામમાં આવક વધે. કોર્ટ કચેરીમાં પ્રગતિ.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિરોધીઓની દખલ વધશે. ઓફિસના કામમાં મદદ મળે. આરોગ્ય સુધરે- ખર્ચા વધશે.

## કોઇ પણ સાલમાં 07 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવાં ફેરફારીથી કાર્યબોજ અને જવાબદારી વધે. વેપાર-ધંધામાં નવી યોજના બને. પણ હરીફો વધશે. સમાજમાં ચડતી-પડતીનો અનુભવ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. સંતાનોના કામ, અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય. આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં અનુકૂળતા રહે. વારાસ, જાયદાદ, જમીન જેવા કામ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સ્ત્રી વર્ગ ખાસ કરીને નોકરિયાતને તક મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇમાં સોમ-ગુરુવારે 07,16,25 તારીખે નવાં કામ કરવાં. ગુલાબી, સફેદ રંગનો ઉપયોગ વધારવો. ઓગસ્ટ, સપ્ટેમ્બરે, બુધ, શુક્રવાર 05, 14, 23 તારીખે નવા કામ ટાળવાં. લાલ અને લીલા રંગનો ઉપયોગ ટાળવો. કેતુ- ચંદ્રના ઉપાય કરતા રહેવું.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૨૭૯૫ |
| તેજાબી સોનું | ૧૫૨૭૦૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૧૫૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૯૭૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૨૭૯૫૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૮૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૨૦૦ |

# યુપીઆઇ ચાર્જ બાદ 76 ટકા યુઝર્સ પેમેન્ટ પદ્ધતિ બદલશે: સર્વે

નવી દિલ્હી, તા. 6: રૂપિયા 2000થી વધુની યુપીઆઇ ચુકવણી પર 0.4 ટકા એમડીઆર લાદવાની તૈયારી છે. આ નિયમનો અમલ 15મી ઓક્ટોબરથી આવી શકે છે. આમાં, યુપીઆઇ પી2પી ચુકવણીઓ એટલે કે ગ્રાહકથી વેપારી ચુકવણીઓ સામેલ હશે. આ ચર્જ વેપારી દ્વારા ઉઠાવવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે જો વેપારીઓ અને દુકાનદારો આ ખર્ચ ગ્રાહકોને આપે તો શું થશે. લોકલ સર્કલ દ્વારા કરવામાં આવેલા એક નવા સર્વેમાં નોંધપાત્ર અસર જોવા મળી છે. 291 જિલ્લાઓના 67000થી વધુ યુપીઆઇ વપરાશકર્તાઓએ સર્વમાં પ્રતિભાવ આપ્યો. સર્વે અનુસાર જો વેપારીઓ યુપીઆઇ ચુકવણીમાં અલગ ફીનો ઉમેરો કરે છે તો 14 ટકા લોકો કહે છે કે તેઓ યુપીઆઇ દ્વારા ચુકવણી કરશે અને ફી ચુકવશે, જ્યારે 27 ટકા રોકડથી ચુકવણી કરશે, 26 ટકા લોકો ક્રેડિટ કાર્ડ પર સ્વીચ કરશે. 14 ટકા ડેબિટ કાર્ડનો ઉપયોગ કરશે, જ્યારે ચાર ટકા લોકો બેન્ક ટ્રાન્સફર, એનઇએફટી અથવા આઇએમપીએસ પસંદ કરશે. આ ઉપરાંત, 9 ટકા લોકો વેપારીને બીજો ચુવકણી વિકલ્પ પુછશે જેમાં અલગ ફી લાગતી નથી. 2 ટકા ખરીદી મુલતવી રાખશે અથવા બિલકુલ નહીં કરે. 4 ટકા લોકો અનિશ્ચિત છે. આ સિવાય યુપીઆઇ પર અલગ ચાર્જ પર કંઇ પદ્ધતિનો ઉપયોગ કરશો તેવા પ્રશ્નના જવાબમાં તેઓના જવાબ અનુસાર 26 ટકા લોકો ક્રેડિટ કાર્ડ, 26 ટકા લોકો રોકડ, 13 ટકા લોકો ડેબિટ કાર્ડ, 11 ટકા બેન્ક ટ્રાન્સફર કરશે. માત્ર 20 ટકા લોકો યુપીઆઇનો ઉપયોગ ચાલુ રાખશે. આનાથી એટલું સ્પષ્ટ થાય છે કે, જો વધારાની ફી વસુલવામાં આવે તો 76 ટકા યુપીઆઇ વપરાશકર્તા યુપીઆઇ સર્વિસીસ છોડી દેશે. એક અંદાજ અનુસાર 15મી ઓક્ટોબરે 0.4 ટકા એમડીઆર લાગુ થયા પછીના પ્રથમ સંપુર્ણ મહિનામાં યુપીઆઇ ટ્રાન્ઝેકશનમાં 10 ટકાનો મોટો ઘટાડો થઇ શકે છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**

**ટેન્ડર નોટિસ નં. ૦૫/૨૦૨૬-૨૭ (બીજો પ્રયત્ન)**

ટોલ ફ્રી નં. ૧૯૧૬

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાં.વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જલભવન, બીજો માળ, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯ દ્વારા ૧૨૫ મીમી વ્યાસના એમ.ડી.આર બોર તા : તમામ જી : નર્મદા ના કામો માટે અંદાજીત રકમ રૂ. ૧૪.૬૧ લાખ માટે ટેન્ડર આઇ.ડી નં. ૩૫૨૪૩૦ થી ટેન્ડર પધ્ધતિથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ અને અનુભવી ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે. રસ ધરાવતા ઇજારદારોએ ટેન્ડર ફી/બાનાની રકમ નિયત ધોરણે ભરવાની રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતવાર માહિતી વેબ સાઇટ tender.nprocure.com પર મળી રહેશે. હવે પછીના સુધારા વધારા માટે આ નોટીસમાં દર્શાવેલ વેબ સાઇટ ઉપર જોવાનું રહેશે. ટેન્ડર ડાઉનલોડ/અપલોડ કરવાની છેલ્લી તા.૧૯-૧૦-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

કાર્યપાલક ઇજનેર
જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ
સુરત

ક્રમાંકઃ માહિતી-સૂરત/૭૧૨/૨૦૨૬

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર**

**ટેન્ડર નોટિસ નં. ૦૬/૨૦૨૬-૨૭**

ટોલ ફ્રી નં. ૧૯૧૬

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.યાં.વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, જલભવન, બીજો માળ, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯ દ્વારા જુદા જુદા ગામોમાં હેન્ડપંપ રીપેરીંગના કામો માટે (૧) તાઃ નેત્રંગ, વાલીયા અને ઝગડીયા જીઃ ભરૂચ (૨) તાઃ ભરૂચ, અંકલેશ્વર, વાગરા, આમોદ, જંબુસર અને હાંસોટ જીઃ ભરૂચ (૩) તાઃ તમામ જીઃ સુરત ના કામો માટે અંદાજીત રકમ (૧) રૂ. ૩૩.૨૦ લાખ (૨) રૂ. ૨૦.૨૯ લાખ (૩) રૂ. ૪૦.૭૪ લાખ માટે ટેન્ડર આઇ.ડી નં. ૩૫૨૨૯૦, ૩૫૨૨૯૯, ૩૫૨૩૦૫ થી ટેન્ડર પધ્ધતિથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ અને અનુભવી ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે. રસ ધરાવતા ઇજારદારોએ ટેન્ડર ફી/બાનાની રકમ નિયત ધોરણે ભરવાની રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતવાર માહિતી વેબ સાઇટ tender.nprocure.com પર મળી રહેશે. હવે પછીના સુધારા વધારા માટે આ નોટીસમાં દર્શાવેલ વેબ સાઇટ ઉપર જોવાનું રહેશે. ટેન્ડર ડાઉનલોડ/અપલોડ કરવાની છેલ્લી તા.૨૬-૧૦-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધીની રહેશે.

કાર્યપાલક ઇજનેર
જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ
સુરત

ક્રમાંક . માહિતી-સૂરત/ ૭૧૧ /૨૦૨૬

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૨૪ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત સરકારના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી ઉકાઇ વિભાગ નં.૧ બીજો માળ તાપી જલ ભવન ઉકાઇ તા.સોનગઢ જિ.તાપી. પીન કોડ નં.૩૯૪૬૮૦ ફોન નં.૦૨૬૨૪-૨૩૩૨૨૧ દ્વારા કુલ ૧ (એક) કામ માટે જેની અંદાજીત રકમ રૂા.૪૯.૪૯ લાખ છે. ગુજરાત સરકારના ન.જ.પા.પુ. અને કલ્પસર વિભાગ/માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય કક્ષામાં નોંધણી ધરાવનાર માન્ય ઇજારદારો પાસેથી ઓન લાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે. જેના ટેન્ડરો www.tender.nprocure.com ઉપરથી મળશે અને આ સાઇટ ઉપર ઓન લાઇન ભરવાના રહેશે. પ્રસ્તુત ટેન્ડર વેબ સાઇટ ઉપરથી ઓનલાઇન તા.૦૭-૧૦-૨૦૨૬ થી તા.૧૪-૧૦-૨૦૨૬ નાં રોજ ૧૮.૦૦ કલાક સુધી ઓન લાઇન ભરવાના રહેશે. તેમજ ઉક્ત કામના ટેન્ડરના પ્રાઇઝ બીડ તા.૧૫-૧૦-૨૦૨૬ ના રોજ ૧૨.૦૦ કલાકે ઓન લાઇન ખોલવામાં આવશે.

૧. સદર કામ અંગે વધુ વિગતો ઉપરોક્ત વેબ સાઇટવેબ પર અથવા કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઇ વિભાગ નં.૧, બીજો માળ, તાપી જલ ભવન, ઉકાઇ તા.સોનગઢ જી.તાપી.-૩૯૪૬૮૦નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
૨. નોંધઃ- સદર કામની નિવિદા અંગે સુધારા/વધારા ફક્ત ઉક્ત ઓનલાઇન વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

ક્રમાંક.માહિતી-સૂરત/૭૧૭/૨૦૨૬